વિધવા વિલાપ.

(વિધવા સ્ત્રીઓના સંકટનું વર્ણન.)

રચનાર,

કવિ ભવાનીશંકર નરસિંહરામ.

(ઉપજાતી.)

વાંચી જુઓ આ "વિધવા વિલાપ,"
માયાળુ માતા, ભગિની સુભ્રાત;
છાતી વિષે સંકટ કેરી છાપ,
પાડી કરો સૂખ તણું પ્રભાત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત સંસાર સુધારા સમાજ—અમદાવાદ.

અમદાવાદ,

પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્કસ.

આવૃત્તિ ૧ લી. નકલ ૫૦૦.

કિંમત એક આનો.

વિધવા વિલાપ.

(વિધવા સ્ત્રીઓના સંકટનું વર્ણન.)

રચનાર,

કવિ ભવાનીશંકર નરસિંહરામ.

(ઉપજાતી.)

વાંચી જુઓ આ "વિધવા વિલાપ,"
માયાળુ માતા, ભગિની સુભ્રાત;
છાતી વિષે સંકટ કેરી છાપ,
પાડી કરો સૂખ તણું પ્રભાત.

છપાવી પ્રસિદ્ધ કરનાર,

ગુજરાત સંસાર સુધારા સમાજ—અમદાવાદ.

અમદાવાદ,

પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્કસ.

આવૃત્તિ ૧ લી. નકલ ૫૦૦.

કિંમત એક આનો.

વિધવા વિલાપ.

(ઢાળ ૧ લો.)

સંકટ કાને શ્રવણ કરવા, સુહાસણીની સમાજ;
એક દીન અમદાવાદમાં, મળી માનુનિ ધરી મમતાજ. ૧
કોઇ વનિતા વકીલની ને, જજની કોઈ જનેતા જ;
દુહિતા કોઇ દિવાનની, વેપારીની કોઈ વનિતા જ. ૨
ચતુરાં કોઈ ચાકર તણી, કોઇ નાણાવટીની નાર;
અમીરની અર્ધાંગના, ધનવંત તણી કોઇ ધાર. ૩
ઠકરાણાં ઠાકોરતણાં, દિલમાંહિ કરીને દાઝ;
વિધવા વિતકની વારતા, સાંભળવા મળી સ્ત્રીસમાજ. ૪

*(ઉથલો)

નારીઓ કરી બેઠી નિરાંતરે,
વિધવાઓની સુણવા વાતરે;
ધરી બેઠી નિરાંતે ધ્યાનરે,
કથા સાંભળવાને કાનરે. ૧
વિધવાઓનો જોઇને વેષરે,
કોઇ સ્ત્રીઓને ઉપજ્યો કલેશરે;
કોઇ વિધવાને માથે ન કેશરે,
મળે આંખમાં ન આંજણ-મેશરે. ૨
કોઇ માનુનીને માથે મુંડોરે,
ચારૂ હાથમાં ન મળે ચૂડોરે;
ધોળાં વસ્ત્ર અંગે કોઇ ધારીરે,
વરસાવતી આંખમાંથી [1]વારીરે. ૩

---

* "લેઈ કાગળ વિપ્ર સિધાવ્યોરે." (એ રાગ.)

૧ પાણી-આંસુ.

કોઈ પ્હેરીને કપડાં કાળાંરે,
બેસે ઉદાશીમાં કોઇ બાળારે;
વિધવાઓનો આવો વેષરે,
હૈયું રાખે ઉદાસ હમેશરે. ૪

જોયા જેવી દશા આ જોઇરે,
રામાઓ સમાજની રોઇરે;
વદી શકયાં ન મુખથી વાણીરે,
પછી આંખમાંથી આણ્યાં પાણીરે. ૫

ઢાળ ૧ લો.

આંખમાંથી આંસુડાં આણીઆં, વિધવાઓનો જોઇને વાન;
સાંભળવાને શાંત થઇ બેઠાં, વિધવા કેરૂં બયાન.

(દોહરા.)

શાંત સમાજ થતાં સકળ, તનમાં રાખી ટેક;
વિધવા વિતક વર્ણવા, ઊઠી અબળા એક. ૧

મધુરૂં બોલી મુખથી, સુણો સકળ સખિ સાથ;
કથા કહું મુજ કષ્ટની, હેતે જોડી હાથ. ૨

વર્ણવું મારાં વિતકની, વિનાશકારી વાત;
કરશે જે કોમળ હશે, આંખે આંસુપાત. ૩

કરૂણાળુ કરૂણા કરો, મમતાળુ મા બાપ;
પૂર્ણ અમારાં પ્રકટિયાં, પૂર્વ જન્મનાં પાપ. ૪

(ગરબી.)

ઉમર મારી ન્હાની હતી જ્યારે,
પિતાજીએ પરણાવી ત્યારે;
મારે હવે મોત વિના મરવું. ૧

પિતા ઘેર નાગી ફરૂં ન્હાની,
અક્કલ વિના રોઉં કદી છાની;
મારે હવે મોત વિના મરવું. ૨
સાસરીયાંનું આવે કદી કોઈ,
ટકટક તેના સામું રહું જોઈ;
મારે હવે મોત વિના મરવું. ૩
પિયરીઆમાં એમ થઇ મોટી,
એવામાંહિ વાત થઇ ખોટી;
મારે હવે મોત વિના મરવું. ૪
પતિ મારો સિધાવ્યો પરલોકે,
શરીર તેથી સુકાય છે શોકે;
મારે હવે મોત વિના મરવું. ૫
આભૂષણ મારા હતા સારા,
આજે લાગે સર્પતણા ભારા;
મારે હવે મોત વિના મરવું. ૬
ફટફટ બ્રહ્માપુત્રિ[૧] તું બાળી,
દયા ના'વી હે કાળની કાળી;
મારે હવે મોત વિના મરવું. ૭

*(દેશી ૧ લી.)

ઓ! ઈશ્વર કર તું સહાયરે, કરૂણાના સાગર,
બેઠી એકલડી ઘરમાંયરે, કરૂણાના સાગર.
પિતા લાગું તમારે પાયરે, કરૂણાના સાગર. (ટેક)
બાળપણામાં લલાટે ચાંદલો, આંખમાં આંજણ આંજી,
માથામાંહિ સેંથો પુરીને, મનમાં થાતી અતિ રાજીરે,
કરૂણાના સાગર.

---

૧ વિધાતા.
* "મારૂં માણેકડું વિસાર્યુંરે, છોગાળાજી"—એ રાગ.

(૨)

નાકે નથ અને કાને એકોટી, પ્હેરીને દર્પણ જોતી,
ગળામાં આભૂષણ ધરીને, મનમાં પતિને મ્હોતીરે;
કરૂણાના સાગર.

(૩)

સુંદર બેરખો હાથમાં ધરતી, પાયમાં સાંકળાં ઝળકે,
ઘુઘરા કેરો સાદ સાંભળીને, મુખડું મારૂં મલકેરે,
કરૂણાના સાગર.

(૪)

હૈયામાંહિ હોંશ ધરીને, વિગતેથી શું વર્ણું ?
મનમાં થાતું કે મકલાતી, પ્રિતથી ક્યારે હું પરણુંરે;
કરૂણાના સાગર.

(૫)

પ્રિતે ચોરીમાં હોંશથી બેસી, કોડે જમ્યાં કંસાર;
અને આ સમયે લાગે છે મનમાં, શૂળી સમો સંસારરે;
કરૂણાના સાગર.

(૬)

ચાર દિવસના ચાંદરણાં સમ, ચતુર નિકળ્યો ચાલી:
શૃંગાર લુંટીને સુની કીધી, ઘરમાં મુજને ઘાલીરે;
કરૂણાના સાગર.

(૭)

દોહલા આ કેમ જાશે દહાડા, ગરીબડીનો શો ગુન્હો;
મુંઝાતી અબળા રાનમાં મુકી, સંસાર કરીને સૂનોરે;
કરૂણાના સાગર.

(૮)

પિતાજી મારા મરણ પામ્યા, હળવી થઇ હું હાથે;
માત પિતાએ બાંધી મુજને, મુંડન કીધું માથેરે;
કરૂણાના સાગર.

(પરજીઓ.)

અરેરે! કંથજી મારારે, તજાવી શણુગાર સારારે, (ટક)
બાળપણામાં ઝુરતી મેલી, પતિ ચાલ્યા પરદેશ;
શણુગાર સર્વે શોભતો મારો, વરવો કરાવ્યો વેષ. અરેરે. ૧
માથું મુંડન કર્યું માહરૂં જ્યારે, ત્યારે કર્યું ચુડીકર્મ;
સાહેલીઓ પાંચ બેઠી હોયે ત્યાં, જાતાં લાગે છે શર્મ. અરેરે. ૨
નાથ તમે નવ લાડ લડાવ્યાં, આપ્યાં ન સુખ અપાર;
રણુવગડામાં એકલી અંતે, રખડતી મૂકી નાર. અરેરે. ૩
પેલે ભવે લીલાં ઝાડો મેં કાપેલાં, ગાયોના લીધેલા પ્રાણુ;
અગણિત બ્રહ્મહત્યાઓ કરેલી, દરિયે બુડાડેલાં વ્હાણુ. અરેરે. ૪
નાનાં બાળકને માતા કનેથી, ધાવતાં પાડેલી ફાળ;
એ પાપ આ ભવમાંહિ મળ્યાથી, આવા છે હાલ. અરેરે. ૫
સાસરીયાંનું સુખડું ન જોયું, ખોયું અમૂલ્ય રતન,
આમ અચાનક જાવું હોત તો, જાળવી કરત જતન. અરેરે. ૬
સાસુ નણુંદ મારી સાથે અતિશે, નિત્ય કરે વઢવાડ;
નાથ વગર આજ આવા વખતમાં, સાંભળશે કોણ રાવ. અરેરે. ૭
સુખ થકી નથી ખાવાને દેતાં, બેઠી નથી કરી જંપ;
આવા દિવસ મારા કેમ નીકળશે, ઘરમાં નથી કાંઇ સંપ. અરેરે. ૮
ગરીબ બિચારી માતા નથી મારી, કોણુ કરે ગુજરાન;
ભાઇ ભાંડુ કે ભાભી નથી પણુ, સર્વે થયું છે વેરાન. અરેરે. ૯
પિતાજી થોડા માસ દુઃખી થઇ, માંદા પડી પામ્યા મરણુ;
નપીરી કહીને નણુંદ બોલાવે, કોની પાસે આવું શરણુ. અરેરે. ૧૦
ઉંચો આભ ને નીચી ધરતી, બીજો નથી આધાર;
હોત કદી એક બાળક મારે, તોયે સુખી થાત નાર. અરેરે. ૧૧
પણુ કયા જન્મનું વેરજ વાળ્યું, ભાળ્યું નહિ સુખ લેશ;
હે ભગવાન ભલા અબળાપર, આવો આણ્યો કયાંથી દ્વેષ. અરેરે. ૧૨
જો મારી જ્ઞાતિ મધ્યે હોત કદીએ, પુનરવિવાહલગ્ન;
તો સુખની આશ રાખત કદીએ, મનમાં થઇને મગન. અરેરે. ૧૩

શાસ્ત્ર મધ્યે સાર આવો લખેલો, કરવાને સારા ચાલ;
ઋષિ પારાસરે સ્મૃતિ બાંધી, ચાલવાને કળીકાળ. અરેરે. ૧૪

(ગરબી.)

શૃંગાર સજી સાસરીયે જાયે, સહિયર મુજ સમાણીજી;
દેખી દિલમાં અગ્નિ થાય, આંખમાં ભરતી પાણીજી. ૧
કોઇ તો દેવ પૂજી વર માગે, સાહેલડી મુજ સરખીજી;
કાયા કોમળ કરમાયે આગે, રાચી ન નાથને નિરખીજી. ૨
ભરથાર સાથે ભાવથી ભેટી, લેતી અતિ સુખ કોડેજી;
નાઠી આશાઓ મુજ છેટી, ફરતી માથે ઓઢેજી. ૩
કોઇ અગાશીમાં ચાંદની રાતે, ગાય સતાર વગાડીજી;
સેલ કરે નિજ સ્વામી સંગાતે, કોઇ તો બાજી માંડીજી. ૪
કોઇ ચારૂ ઘરચોળું પ્હેરી, દોડતી દર્શન કરવાજી;
કોઇ તો ચૂડો પ્હેરી સુનેરી, જાય છે પાણી ભરવાજી. ૫
મારી આંતરડી બળતી લાયે, જાયે ન જીવડો પાપીજી;
ઘટમાં ઘેલા તરંગ થાયે, દોડતી પુરવા [૧]વાપીજી. ૬
ફાંસો ઘાલું કે સતી થાઉં હું, પીઉં અફીણ તેલ ઘોળીજી;
બાવી બનીને કાયા હું બાળું, અંગે ભભૂતી ચોળીજી. ૭
માત પિતા તમે ક્રૂર બનીને, ફોકટ શિદ સંતાપોજી;
દિકરીઓને ઝેર જણીને, ગળથુથીમાં આપોજી. ૮
નિર્દય બની શીદ લોછો નિસાસા, ખોળી આપો વર ખાંતેજી;
વિધવાઓની ઉઘડે આશા, જલદીથી થાય સુખ જાતેજી. ૯
અબળાઓ અતિ આશિષ દેશે, લેશે ઓવારણાં પ્રિતેજી;
ભવાની કવિતા કાજુ ગાશે, પુનરલગ્ન વખતેજી. ૧૦

(દોહરો.)

પતિ પરલોક પધારતાં, વરવો કીધો વેષ;
રાત દિવસ માતા રડી, કરતી હતી કલેશ. ૧

---

૧ કુવો.

(દોહરા.)

આ પ્રસંગના અંતમાં, કરૂણાના કથી કે'ણ,
નિસાસા બહુ નાખતી, બોલી જમના બ્હેન. ૧
ઉભી થઇ ત્યાં એટલે, કથી સુણવા કાન;
નિર્મળ નિર્મળ નામની, વિધવા સ્ત્રી વિદ્વાન. ૨

ઢાળ ૧ લો.

નિમળ કહે સુણો નારીઓ, મારીં વિતકકેરી વાત;
પતિને મરતાં પેખતાં, ઘણી થઈ હ્રદયમાં ઘાત. ૧
ઉંઘી ગયા કે મરી ગયા તેનો, મનમાં હતો નહિ ભેદ;
જાતે હું ગઇતી જગાડવા, ખરો મનમાં રાખી ખેદ. ૨
સખી એ દીન મને સાંભરે, પતિ જગાડવાનો પ્રસંગ;
જાગો જાગોને મારા જીવનજી, ઉરમાંહિ ધરી ઉછરંગ. ૩

(રાગ મારૂ.)

મારા પ્રાણુતણા આધાર, સુંદર વર જાગોને જીવનજી;
સુનો આજ દિસે સંસાર, બાળાવર બોલોને જીવનજી. ૧
સહુ અરણ્ય પેઠો ખાવા ધાય, સુંદર વર જાગોને જીવનજી;
ગામ ધામ ખાવાને ધાય, બાળાવર જાગોને જીવનજી. ૨
દયા તજી થયા કેમ દૂર, સુંદર વર જાગોને જીવનજી;
કદી ઉભી ન આપ હજુર, બાળાવર બોલોને જીવનજી. ૩
દુધ દેખાડો મચ્છને સ્વચ્છ, સુંદર વર જાગોને જીવનજી;
પાણી વિના જીવે નહિ મચ્છ, બાળાવર બોલોને જીવનજી. ૪
નાથ વિના સુખી નહિ નાર, સુંદરવર જાગોને જીવનજી;
હોયે કારજ જ્યારે સાર, બાળાવર બોલોને જીવનજી. ૫
બંધ કીધો સતીનો ચાલ, સુંદરવર જાગોને જીવનજી;
ચિત્તામાંહિ બળું જો હાલ, બાળાવર બોલોને જીવનજી. ૬
થાઉં સરકારની ગુનેગાર, સુંદરવર જાગોને જીવનજી;

(સોરઠો)

નિર્મળ થઇ નિરાશ, ભાષણ કરતાં ભામની,
સજ્જન સુણજો ખાસ, મુર્છાંગત તે તો થઇ. ૧

(રાગ ઓખાહરણનો.)

હાહાકાર થયો ઘર વિષે,
ત્રાહ ત્રાહ સરવને દીસે;
બોલે સખિ ઓ તું બોલને બે'ની,
તારો અંતરપડદો કે'ની. ૧

બોલ બોલ બે'ની મારી શાણી,
કેમ વાત કરી લજવાણી;
સખી સોડતાણી કેમ સૂતી,
આજ વળગી તને શું ભૂતી. ૨

તારૂં વદન ભાળી વિકાળ,
થાય ઉરમાં અગ્નિ કેરી ઝાળ;
નાંથ વિના સુખ નહિ લેશ,
જાય સુવાસણીનો વેષ. ૩
એવું જાણીને સઘળાં લોક,
વિધવા સ્ત્રીનો કરે છે શોક;
અહિં સઘળાં ભરાયાં લોક,
સર્વે કરવાને લાગ્યાં છે શોક. ૪
એ તો સાંભળવાને ઇચ્છે,
સાંભળી તારૂં દુઃખડું પ્રિચ્છે;
બોલો બોલોને મારી બહેની,
તારી વિતક વાર્તા કહેની. ૫
કરૂણારસ સાંભળી કાન,
મૂકી દીધાં અમે તો માન;

થયાં સાંભળીને દિઃગ્મૂઢ,
રહી નાંહી શરીરે શુદ્ધ. ૬

(સોરઠો.)

સાંભળવા તત્કાળ, જુવતી સઘળી જાતની;
વાત કરે છે બાળા, નિર્મળ સાવધ થાય છે. ૧

(દોહરો.)

કરૂણારસ કાને પડી, કથા રહેશે બંધ;
અદ્ભૂતરસ ઉપજાવવા, પકડયો કથા પ્રસંગ. ૧

પદ.

સાંભળજો એ સહિયર શાણી, વાત તણું મંડાણુ;
એક દિવસ મને સ્વપ્નામાંહિ, મળીઆ પતિ પ્રિય પ્રાણ. ૧
ઇંદ્ર અપચ્છરાઓ "સૂર્ય" બાગમાં, હરખે રમવા જાય;
નારદ નાટારંગ કરે, માનુની મંગળ ગાય. ૨
પ્રાણપતિ પ્રિય પાછળ મારો, પ્રેમે વાડીમાં પેઠો;
બાગ અથાગ બન્યો બહુ સુંદર, અંદર જઇને બેઠો. ૩
ફૂલ ગુલાબ, ચંપો, ચંબેલી, કસ્તુરી માંહિ બ્હેકે;
અંબતરૂ, સિતાફળ કહીએ, રાણ ખજૂરી લ્હેકે. ૪

(તોટક.)

સુર લોક તણો બહુ બાગ ભલો,
અતિ ઝાડ સુગંધી રસાળ ફળો;
તરૂ રાણ ખજૂરી તણાં નમતાં,
ગુબલાસ ગુલાબ અતિ ગમતાં. ૧
વળિ શોભિત મંડપ દ્રાક્ષ તણા,
બહુ કેતકી કેળ કસૂંબ ઘણાં;
વળી નાગરવેલિ અપાર જહાં,
જમરૂખ સિતાફળ સાર તહાં. ૨

તજ એલચી દ્રાક્ષ લવિંગ લતા,
હરતાં ફરતાં હરણાં રમતાં;
હરડે દરદી દુઃખડાં હરતી,
રજની સુરનાર તહાં ઠરતી. ૩

*પદ.

આવો અનુપમ બાગ જોવાથી, મનમાં થઇ હું રાજી;
પ્રાણપતિ મારો બેઠો હતો ત્યાં, પ્રિતે જઇને બાઝી. ૧

અરે પ્રિયા! મારી અહિં ક્યાં તુ આવી, આમ અચાનક આજે;
ઘણા દિવસનો સંભારતો'તો, મેળવી છે મહારાજે. ૨

ખાજે પીજે ખુબ રાજી તું થાજે, વૈભવ ભોગવ સારો;
નારી કહે સુણો નાથજી મારા, ગ્રહો ફરી કર મારો. ૩

પૃથ્વીપર હું બહુ દુઃખ પામી, આપ આવ્યા સૂરધામ;
રખડતી મૂકી નાથ ગયા છો, ભૂલી ગયા ઘરધામ. ૪

માટે હો સ્વામી રહેવા નહિ દઉં, ઘર ભણી આજે ચાલો;
સંસાર વૈભવ ત્યાં ભોગવીશું, એમ કહી કર ઝાલ્યો. ૫

અપચ્છરાઓ અચરજ થઇને, મારા સામું જોવા લાગી;
માનવી જાત અહિં ક્યાં આવી, એવે હું ઝબકી જાગી! ૬

(સોરઠો.)

જુએ તપાસી સેજ, ઝબકી જાગી સુંદરી,
તનનું તજીને તેજ, રૂદન કરે છે કામની.

(દોહરો.)

પળ ગઇ ગયું પખવાડિયું, દુઃખમય વિત્યા દીન;
માસ ગણું મુંઝાઇને, દિન દિન ગણતી દીન. ૧

---

* અહો સદાશિવ અહો સદાશિવ બળી તમારી ટેવ—(એ રાગ.)

અહિંમાં

કારતક માસે કંથ હજી નવ આવીઆ,
એકલડી અબળાના દીને કેમ જાયજો,
અબળાને ધરતી ને ઉંચો આભ છે,
ઉગરવાનો એકે નથી ઈલાજજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૨)

માગશર મહિને હું મનમાં મુંઝાઉં છું,
સાહેલી સૌ કરતી હાસ્ય વિલાસજો;
એક બીજી ભરથારો સાથે ભેટતી,
નાથે મુજને કીધી આજ નિરાશજો.
જીવનજી અબળામે મેલી જતાં રહ્યા.

(૩)

પોષ અતિશય રૂધિર અમારાં શોષતો
શોણીત ન મળે હાડપીંજર દેખાયજો.
ગરીબ બિચારાં ટાઢ થકી બહુ કાંપતાં,
એક ઘડી આંખલડી નવ મીંચાયજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૪)

મહા મહિનામાં મૈયર ખાવા ધાય છે,
સુનો દીસે આ સઘળો સંસારજો;
હર્ષ તણા દિવસ તો મનમાં નવ ગમે,
ગમે નહિ સજવા સુંદર શણગારજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૫)

ફાગણ માસે વનમાં ઝાડો ઝુલતાં,
મોટે ન્હાને ઝાડે આવ્યો મોરજો;

હુતાશનની ઝાળા મનમાં થાય છે,
તનમાં આવે વિજોગ કેરૂં તોરજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૬)

ચૈતરમાં મુજ ચિતડું ચણકે શોકથી,
નાથ સખી મેં હોંશે નિરખ્યો નાંહિ જો;
નાથ દગો દઈ બાળપણામાં ચાલીઓ,
દુનિયામાં સુખ દીઠું નાંહિ કાંઇજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૭)

વૈશાખે વજર છાતી નથી ફાટતી,
જતો નથી જીવ પાપી મારો આજજો:
નણદીના વીરા વે'લેરા આવજો,
કશું ન સૂઝે ઘરધંધો ને કાજજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૮)

જેઠ મહિને જીવનપતિ ક્યાં જઈ રહ્યા,
રડવડતી મૂકી અબળાને આમજો;
દયા ન કીધી હૈવે દીલમાં આટલી,
ગમે નહિ પતિવિણ ઘર ને વળી ગામજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૯)

અશાડમાં અગ્નિ અંતરમાં ઉપજે,
જુદાઇ કરતી અંતરમાં અતિ જોરજો:
સન્યાસણની પેઠે ફરતી શોકમાં,
મનહર કાને સુણવા ન ગમે મોરજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૧૦)

શ્રાવણ માસે ઝરમર વરસે મેહુલો,
વિજળી કરતી વ્યોમવિષે ચમકારજો;
નદિ ખારી, સિંધુને મળવા જાય છે,
નાથ વિના મળવા ક્યાં જાયે નારજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૧૧)

ભાદરવો ભરપૂર ચોમાસું ગાજીઓ,
જીવન તો જગમાંહિ નહિં જણાયજો;
ઉદાશી તો ઉપજે છે મારા ઊરમાં,
નાથ વિના ઉમળકો કોને થાયજો.
જીવનજી અબળાને મેલી જતા રહ્યા.

(૧૨)

આશોમાં આશા મળવા કેરી મટી,
સતી થવાનો નથી હવે રિવાજજો;
ભવાનીના સ્વામિ આશા પૂરી કરો,
પુનરલગ્નનો ચાલો રૂડો ચાલજો.
જીવનજી અબળાને મૂકી જતા રહ્યા.

લલિત.

અરર માવડી મોત આપરે,
અબળ જાતના કષ્ટ કાપરે;
જગતમાં બધું સુખ નાથનું,
જરૂર જાણજો તેહ સાથનું. ૧

મન ગમે નહિ મોજ શોખરે,
વન જવા તણો નહિ મોખરે;[1]

[1] રસ્તો—ઉપાય.

મન વિષે (જુદા) આવી વેદના,
ખટકતી થઇ આજ પ્રેમદા. ૨
વિરહ* વેદના સુખ થાય છે,
જીવનના વિના જીવ જાય છે;
મરણ સાર છે આ વિજોગથી,
સુખ સહુ ગયું એનિ શોગથી. ૩

(સાખી.)

મારા છેલ છબીલા ઓ નાથ, કંથજી કેમ હું જીવું.
મારો ગ્રહીને જમણો હાથ, કંથજી કેમ હું જીવું.
ચાલ્યા સ્વર્ગમાં મેલી સાથ, કંથજી હું કેમ જીવું.

ચકોર ચાહે ચંદ્રને, ચાંદાને નહિ પ્યાર;
ચકલો ઇચ્છે સૂર્યને, તેમ નાથને ઇચ્છે છે નાર.
કંથજી કેમ હું જીવું. ૧

જળની સાથે દૂધને, પૂર્ણ રહે છે પ્રીત;
પાણી બળતુ પેખતા, પોતે બળવા ધાયે એવી રીત.
કંથજી કેમ હું જીવું. ૨

મીનતણું મન આબમાં, જરા ન જુદુ થાય;
જળની પ્રીતિ છોડતાં, વિરહ જોરે કરી જીવ જાય.
કંથજી કેમ હું જીવું. ૩

પતંગ દેખી દીપને, મનમાં રાજી થાય;
અંજાઇ એમાં પડી, તોય પાછો ધરે નહિ પાય.
કંથજી, કેમ હું જીવું. ૪

મોર ચહે ઘનઘોરને, વળી બપૈયો આપ;
મ્હેર કરી મે' આવશે, સુણી મોર, બપૈયા વિલાપ.
કંથજી, કેમ હું જીવું. ૫

---

* વિજોગ—જુદાઇ.

વનમાં ઝુરતી મેલીને, છોડી ચાલ્યા આપ;
ટળવળતી નારી રહી, તોય દિલમાં ન આવી દાઝ.
કંથજી કેમ હું જીવું.

ભવાનીના સ્વામી પ્રભુ, મન મારૂં મુંઝાય;
નાથ વિના નારીતણાં, કેમ એકલડાં દિન જાય.
કંથજી કેમ હું જીવું. ૭

લલિત.

અરજ સાંભળી માત માહરી,
શરણુ આવી છું આજ તાહરી;
ઉગરવા તણો ના ઉપાયરે,
જીવન તો ગયા આજ ક્યાં અરે ! ૧

રતન છીનવી કો' લઈ ગયું,
ખબર ના પડી આજ શું થયું;
અબળખા રહી એટલી અરે,
જીવન તો ગયા આજ ક્યાં અરે ! ૨

મતલબી થઈ નાથ ચાલીઓ,
રવડતી મૂકી નાથ વાલી–ઓ;
ઉર વિષે સદા દુઃખ થાયરે,
જીવન તો ગયા આજ ક્યાં અરે ! ૩

રસમ માહરી નાતમાં કુડી,
મરણુ નાથથી ઉતરે ચૂડી;
શયન ખાટલે નાંહિ થાયરે,
જીવન તો ગયા આજ ક્યાં અરે ! ૪

નયનમાં કદી મેશ નાંહિરે,
જમવું તો નહિ નાત માંહિરે;
રૂદન એકલી હું કરૂં અરે !
જીવન તો ગયા આજ ક્યાં અરે ! ૫

(દોહરા.)

કથા સુણાવી કામની, **નિર્મળ** થઈ નિરાશ;
એહી નીચે બાપડી, ઉરમાં થઈ ઉદાસ. ૧
સુંદર નામની સુંદરી, વિધવા બાળેવેષ;
વિધવા કેરાં વિતકની, કથવા લાગી કલેશ. ૨

ઉપજાતી.

પિતા તમે કેમ ન ઝેર પાયું ? વાયો મને ન ઝેરી વાયૂ;
મારી ન નાખી કયમ હાય માડી, દેખી બળુંછું દુઃખ હાય દા'ડી.

(૨)

જો આ પડે છે વરસાદ જોરે, બ્હેની બળુંછું વરસાદ ફોરે;
રે હાથિયા વિરહ ના લ્હાવ્યો, કાં બાળવાને વીર આજ આવ્યો.

(૩)

હોળી ન ગાઇ પતિ સાથ હોંશે, જો આ બળે છે સખિ હોળિ જોસ્સે;
હોળી ન ખેલિ પતિ ના હસાવ્યા, રે રે સખિ એ દીન કેમ ના'વ્યા !

(૪)

ઓ બેની જો આ વરસાદ આવ્યો, ભોગી જનોને મન ખૂબ ભાવ્યો;
જોગી ગુફામાં વસતા જઇને, રોગી રહું હું ઘરમાં રહીને.

સુખનો સૂર્યાસ્ત.

વસંતતિલકા.

આ સૂર્ય અસ્ત અવનીપરથી થયોરે;
હા ! સૂર્ય અસ્ત સઘળાં સુખનો થયોરે;
આછાં રવિકિરણ તો વળી આથમ્યાં છે,
આશારૂપી મન વિષે કિરણો શમ્યાં છે.

મનના તરંગો.

ગંગા વિષે જયમ થતા જળના તરંગો,
તેવા થતા મનમાં દુઃખના તરંગો;
ઘૂ ઘૂ કરી પવને અથડાય ઘાટે,
ઘેલા તરંગ મનના ઉભરાય ઘાટે.

હાથના ચૂડા પ્રત્યે.

ઉપેંદ્રવજ્રા.

અરે ! ચુડા તેં મુજ હાથ આવી,
અભાગણીની ગતિ જોઇ આવી;
હવે પડયો હાથથી કેમ હેઠો,
બુડી નદીના જળ માંહિ બેઠો !

તપતો સૂર્ય જોઇને—

અરે ! તપે કેમ તું સૂર્ય તાતો,
ઘણો મુંઝાવા વળિ ઘામ થાતો,
અરે ! અમે કેમ ખમાય આ તો,
ઝુરી ઝુરીને સખી દીન જાતો.

બપૈયાને બોલતો જોઇને—

અરે ! બપૈયા કયમ તું અત્યારે,
પિયુ ! પિયુ ! નિર્લજ્જ થૈ પુકારે,
તને પિયુ તો મળનાર તારે,
પિયુ મળ્યાની નથી આશ મારે.

ઢાળ ૧ લો.

સુંદરના વેણ સાંભળી, સધળાંઓને ઉપજ્યો શોક;
નાથ વિનાની નારીને, નિંદે હજારો લોક. ૧
વદન જોઇ વિધવાતણું, આહું જુએ લોકો અવળાજ;
અપશુકન માની અને, આપે વિધવાને અપમાન. ૨
જુલમ આવો જાણીને, શરમાયો સાધવીનો સમાજ;
શાણા પતિ સમજાવવાને દિલમાં કીધી દાઝ. ૩
ધોળાં વસ્ત્ર ધરેલ ને, જેનું નામ હતું જૂઠી જ;
વિતક નિજનું વર્ણવા, ઉદાશીમાંથી ઉઠી જ. ૪
સુણો નાર સોહાસણી, મુજ વિતક કેરી વાત;
પરમ હું છું પાપણી, ઘણી કીધી મેં બાળની ઘાત. ૫

સોબત નીચની સાંભરે, ચાલી [illegible] ચાલ;
પાપમાં પડી હું પાપણી, [illegible] ધરમની ઢાલ. ૬
સ્વમામાં પણ સાંભરે, જ્યારે વળી ન મુજને જંપ;
આંખમાં આંસુ આવતાં, કાયા માંહિ ઉપજે કંપ. ૭

પદ.

રે ! હું હત્યારી ! કામ કાળું કરાવ્યું;
જનેતા બનીને બાળને મેં મરાવ્યું;
રે ! હું હત્યારી ! કામ કાળું કરાવ્યું. (ટેક)

ગુલાબી લાલી નેહથી ના નિહાળી,
બકી બાળાને હેતથી નાહિ આલી;
સુયાણી પાસે બાળને મેં મરાવ્યું,
રે ! હું હત્યારી ! કામ કાળું કરાવ્યું.

(૨)

તરફડતું ગોરૂં [1]ફુલનું અંગ જોયું,
દયાથી મારૂં મન તોયે ન રોયું;
કુમળું મ્હોડું મેં ઉન્હી રાખે ભરાવ્યું,
રે ! હું હત્યારી ! કામ કાળું કરાવ્યું.

(૩)

રે ! શું સૂઝયું બુદ્ધિ ચંડાળ બાઈ,
રે ! શું ફસાઇ લાલચે ભુંડી દાઇ;[2]
ઉંચે ઉકરડે નાખી મેં દેવડાવ્યું,
રે ! હું હત્યારી ! કામ કાળું કરાવ્યું.

(૪)

પારણામાં સુવાડી હાલરડું ન ગાયું,
હૃદયમાં ચાંપી બાળ ના ધવરાવ્યું;
પાસે રહીને બાળને ઝેર પાયું,
રે ! હું હત્યારી ! કામ કાળું કરાવ્યું.

---

૧ બાળકનું. ૨ સુયાણી.

(૧)

ધિક્ ધિક્ માડી તું જ્ઞાની કેમ ભોળી,
ભૂળથકીમાં પાયું ઝેર તો કેમ ઘોળી;
હત્યા કરવાનું ભાળમાં ક્યાં ઠરાવ્યું,
રે ! હું દુખીયારી કામ કાળું કરાવ્યું.

દોહરો.

જનની થઈ જાહેરમાં, પ્રગટ કર્યું મેં પાપ;
પ્રચંડ પડશે પ્રાણથી, સદાય મુજપર શાપ.

હરિગીત.

મુજ ઉપર પડશે શાપ ને સંસારમાં થઈશ સાપણી,
આ પૃથ્વીપર હું પાપ કરવા, પ્રકટ થઇ કાં પાપણી;
તપ આદરીને તાપમાં, તાપીશ તડકે તાપણી,
જગદીશ પાસે પાપ જાવા, જપીશ દિન ને જામની.

(૨)

સન્યાસણીની પેર આ સંસારસુખ સળગાવીને,
તપ આદરીને તાનમાં તન કરીશ સૂકું તાવીને;
સત્સંગમાં રહીશું સદા, શોણીત સકળ સુકાવીને,
પ્રાશ્ચિત કરીશ આ પાપનું, પાપી હૃદય પસ્તાવીને.

(૩)

સંસારમાં વસીને સદા, સાધ્વી રહીશ હું સાધવી,
બાધા કરીશ હું બાલવાની, બાજી નથી નથી બાંધવી;
સાંસા કરીને સૂખના, સંધી નથી કંઇ સાધવી,
સંસારમાં આથી સરસ શી, સાધનાઓ સાધવી ?

(૪)

જમદૂતશી આ જગતમાં, જીવતી મુએલી જાણવી,
જુઠી તણી આ વાત જુઠી, જરી ન મનમાં જાણવી;
મન મારૂં મસ મુંઝાય ને મરવું ગમે છે માનવી,
જંજાળથી જુદી પડી, જઇને રહીશ હું [illegible]

ઉપજાતી.

સંતાપ મારા મનના શમાવા, ને દેહ મારો તપથી નભાવા;
ગોવિંદ ગોવિંદ મુખેથી ગાવા, ખાલી કરૂં ઉર તરંગ આવા.

ઢાળ ૧ લો.

સત્ય કથન સંભળાવીને, જુઠી બેઠી થઇ ઝાંખીજ;
અરેરાટો કરી અંતરે, ત્રિયા રહી બધી તાકીજ.

ઉથલો.

કથા વિધવાની સુણીને કાનરે, સ્ત્રીઓની ઉઠી શુદ્ધ ને સાનરે;
કામનીઓ ભરાણી ક્રોધેરે, બહુ સમજાવા પતિને બોધેરે. ૧
પુરૂષોએ કર્યો પક્ષપાતરે, ઘણી બાળાની કરવા ઘાતરે;
પોતે પરણે છે વર્ષ પચાશેરે, ઉર માંહિ સુખડાની આશેરે. ૨
એક મરે ત્યાં બીજી આવેરે, લાલ બાંધી માથે સુખ લાવેરે;
એક બેઠી ત્યાં બીજી આણેરે, જીવ વિનાની જુવતી જાણેરે. ૩
દાસી જેવી ગણે છે દારારે, સુખ ભોગવવાને સારાંરે;
વર બેસે સાઠે ઘરઘોડેરે, જીવ જતાં સુધી જાન જોડેરે. ૪
એવો પુરૂષોનો છે અન્યાયરે, નથી દેતા સ્ત્રીઓને ન્યાયરે;
બાર વર્ષની રાંડેલ બાળારે, તેનાં સુખને મારે તાળાંરે. ૫
સારૂં ખાવા પીવાના સંતાપરે, બહુ બાળે છે મા ને બાપરે;
પુત્રીને રાખે પશુ પેરરે, પરાણે આપે અન્ન પાશેરરે. ૬
અતિ કરાવીને અપવાસરે, નકી કરાવે દેહનો નાશરે;
મરે વિધવા તો થાય મંગળરે, એવી રૂઢી પડી છે અચળરે. ૭

ઢાળ ૧ લો.

એવી રૂઢી અળસાવવા, સહુ સધવાનો મળી સાથ;
વિધવાઓને વરાવવા, ને સમજાવી લેવા નાથ.
ઠામ ઠામે ભાષણ થવાને, સ્થાપવી સ્ત્રીની સમાજ;
વિધવાઓના વિતક કેરો, આવે ન પછીથી અવાજ.

મેળાં કરી બાઇ ભાઇને, દયાવડે પિગાળવાં દીલ;
વિધવા કેરા વકીલ બની, આજથી કરવી અપીલ.

ઉથલો.

ઠીક કીધો સભામાં ઠરાવરે,
ભલી ભામનીએ કરી ભાવરે. ૧
માનુનીઓએ કરી મરજીરે,
એક લખી સભાને અરજીરે. ૨
વિધવા વિવાહોત્તેજકરે,
ન્યાય મંડળી રૂડિ નિઃશંકરે. ૩
નિત્ય વિધવાને દેવા ન્યાયરે,
ભાવ આણીને અતરે ભરાયરે. ૪

ઢાળ ૧ લો.

ભાવ આણીને ભરાય છે, સભા અમદાવાદમાં સદાય;
વાર કરે વિધવાતણી, તે આપે છે સરખો ન્યાય. ૧
વિધવા નારી વરાવવા, ખરચે છે દ્રવ્ય કરી ખાંત;
શાસ્ત્ર રીતે સમજાવવા, ભલા રચાવે ગ્રંથ ભલી ભાત. ૨
વાંચીને વિધવા વિતકની, કવિતણી રચો કવિતાજ,
નીર ઝરે છે નયનથી ને, દિલમાં પ્રકટે દાઝ. ૩

વિધવાઓ માટે અપીલ.

પદ.

કરો અબળા ઉપર ઉપકાર, હોરે હઠીલા હિન્દુ,
વિધવાને સુનો સંસાર, હોરે હઠીલા હિન્દુ. ૧
કરો નહિ કદી નાકાર, હોરે હઠીલા હિન્દુ,
એવો મારો છે સાર વિચાર, હોરેં હઠીલા હિન્દુ. ૨
ખોટા પૂર્વજોના છોડો ચાલ, હોરે હઠીલા હિન્દુ,
ઝાલો જેમાં દિસે અતિ માલ, હોરે હઠીલા હિન્દુ. ૩

પુનરવિવાહ ચલાવો આજે, હારે હઠીલા હિન્દુ,
પાછી મેળવો પૂર્વની લીજે, હારે હઠીલા હિન્દુ.

માલિની.

નર નર નર આજે, ઉંઘમાંથી ઉઠોને,
હર હર હર બોલી, વિધવાને ત્રુઠોને;
જય જય જય થાશે, દુનિયામાં તમારી,
ભય ભય ભય મેલે, વિધવાઓ બિચારી. ૧

અસલ સમયમાં વ્રતરાજા થયોરે,
સુખજ સર્વ આપી, વિધવાને ગયોરે;
અમર જગતમાંહિ, નામ તેનું રહ્યું છે,
કવિવર ઋષિઓએ શાસ્ત્રમાંહિ કહ્યું છે. ૨

પુનરલગનને બાદ નાંહી કદાપી,
પુર્વ વખતના ઋષિએ સાક્ષ આપી;
જન જન જન આજે મૂઢ જેવા થયારે,
ઉર ઉર ઉર માંહિ, વે'મ રાખી રહ્યારે. ૩

કરમજ વિધવાના કેમ બેસી ગયાંરે,
કર કર કર વિભૂ મન માંહે દયારે;
શુભ શુભ શુભ રૂડું રાજ્ય આજે વિરાજે,
શુરવિર બનિ આજે, કષ્ટ આ કોણ કાપે ? ૪

દોહરો.

શૂરવીર ને સબળ જે, વિધવાતણા વકીલ;
સદાય કાને સાંભળો, અબળાતણી અપીલ.

સમાપ્ત.